ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી, ગાંધીનગર

જાહેરખબરનો ડ્રાફ્ટ – Legal Assistant

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી, ગાંધીનગર ખાતે કાયદાકીય કામગીરી માટે નીચે મુજબના 02 Legal Assistant ની તદ્દન હંગામી ધોરણે અને One Time Basis પર સેવા મેળવવા લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

વિગત	માહિતી
પદ	Legal Assistant – 02
લાયકાત	LLB
ફી	રૂ.25000 /- પ્રતિ માસ
સમયગાળો	તદ્દન હંગામી (One Time basis) ૧૧ માસ માટે
જાહેરખબર તારીખ	02.11.2026
અરજીની અંતિમ તારીખ	20.11.2026

કાર્યક્ષેત્ર / કામગીરી:

- નામ. સુપ્રીમ કોર્ટ સમક્ષ ચાલતા કેસો તથા રાજ્ય સરકારશ્રી તરફથી રોકવામાં આવેલ એડવોકેટસ સાથે સંકલન .
- નામ. સુપ્રીમ કોર્ટમાં ચાલતા કેસો માટે Para-wise Remarks, Affidavit, Reply, Written Submission વગેરે તૈયાર કરવાની કામગીરી.
- સંબંધિત શાખાઓ સાથે સંકલનમાં રહી નામ .સુપ્રીમ કોર્ટના હુકમોના Complianceની કામગીરી.
- નામ. સુપ્રીમ કોર્ટ કમિટી ઓન રોડ સેફ્ટીના દિશા-નિર્દેશોનું અમલીકરણ તથા વિવિધ સ્ટેકહોલ્ડર વિભાગો પાસેથી Compliance સંબંધિત કામગીરી .

- વિવિધ સરકારી વિભાગો, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તથા અન્ય એજન્સીઓને માર્ગ સલામતી સંબંધિત કામગીરી બાબતે દુર્લક્ષતા દાખવવા બદલ કાયદેસરની નોટીસો તૈયાર કરવાની તથા જારી કરવાની કામગીરી .
- કરારો ,MoU, માર્ગદર્શિકાઓ તથા અન્ય કાયદાકીય દસ્તાવેજોનું ડ્રાફ્ટિંગ .
- ઓથોરિટીના વહીવટી તથા રોડ સેફટી સંબંધિત વિવિધ નિર્ણયોના કાયદાકીય પાસાની ચકાસણી.
- RTI Act, 2005 હેઠળની અરજીઓના કાયદાકીય પાસા અંગે અભિપ્રાય તથા અપીલ સંબંધિત કામગીરી .
- ઓથોરિટીની કામગીરીને સંલગ્ન કાયદા અને નિયમોનું અર્થઘટન તથા જરૂરી સુધારા માટે દરખાસ્ત તૈયાર કરવાની કામગીરી .
- માન. કમિશનરશ્રી દ્વારા આપવામાં આવતી અન્ય કાયદાકીય કામગીરી.

પાત્રતા:

- માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી LLB .
- કોમ્પ્યુટર, MS Officeનું જ્ઞાન.
- ઉમેદવાર પાસે સંબંધિત લાયકાત અને અનુભવના આધાર દસ્તાવેજો હોવા જરૂરી રહેશે.

અરજીમાં નીચેની વિગતો ફરજિયાત રીતે રજૂ કરવાની રહેશે:

ક્રમ	અરજદારની વિગતો
1	પૂર્ણ નામ
2	સરનામું
3	જન્મ તારીખ
4	મોબાઇલ નંબર
5	ઈ-મેઈલ સરનામું

શૈક્ષણિક લાયકાતની વિગતો:

લાયકાત	Stream	બોર્ડ/યુનિવર્સિટી	પાસ થયાનું વર્ષ	ટકાવારી/CGPA

ધોરણ-10				
ધોરણ-12				
Bachelor Degree				
અન્ય Course/Qualification (જો હોય તો)				

કામનો અનુભવ (જો હોય તો):

સંસ્થાનું નામ	સમયગાળો	હોદ્દો	મુખ્ય કામગીરી/Role

પસંદગી પ્રક્રિયા:

1. અરજીઓની અંતિમ તારીખ બાદ કચેરીની આંતરિક સમિતિ દ્વારા અરજી અને દસ્તાવેજોની Scrutiny કરવામાં આવશે.
2. પાત્ર ઉમેદવારોને Interview માટે આમંત્રિત કરવામાં આવશે.
3. અંતિમ પસંદગી કચેરીની આંતરિક સમિતિ દ્વારા કરવામાં આવશે.

મહત્વની શરતો:

- આ સેવા કોઈ કાયમી સરકારી નોકરી/નિયમિત સરકારી ભરતી ગણાશે નહીં.
- નિમણૂક સંપૂર્ણપણે હંગામી(One Time Basis) અને ૧૧ માસ માટે રહેશે. સમયગાળો પૂર્ણ થયે સેવા સમાપ્ત ગણવાની રહેશે.
- સેવાના સમયગાળા દરમિયાન કામગીરી સંતોષકારક ન જણાતા અથવા અન્ય કારણોસર કોઈ પણ પૂર્વ નોટિસ આપ્યા વિના તાત્કાલિક અસરથી સેવા સમાપ્ત કરવાનો હક કમિશનરશ્રી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીને રહેશે.
- પસંદ થયેલ ઉમેદવાર સેવા ના સમયગાળા દરમિયાન કે તે પછી પણ કાયમી કે હંગામી ધોરણે નિમણૂક માટે હક દાવો કરી શકશે નહી.
- માસ દરમિયાન ૦૧ પરચુરણ રજા મળવાપાત્ર રહેશે.

- અરજદાર દ્વારા આપવામાં આવેલી માહિતી ખોટી/અપૂર્ણ જણાશે તો અરજી/પસંદગી રદ કરી શકાશે.
- પસંદગી અંગે કચેરીની આંતરિક સમિતિનો નિર્ણય અંતિમ અને બાધ્યકર્તા રહેશે.
- ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીને જાહેરખબરની શરતોમાં જરૂરી ફેરફાર/સુધારો કરવાની અથવા યોગ્ય કારણસર પ્રક્રિયા રદ/સ્થગિત કરવાની સત્તા રહેશે.
- અરજી સાથે લાયકાત, અનુભવ અને અન્ય જરૂરી દસ્તાવેજોની સ્વપ્રમાણિત નકલો રજૂ કરવાની રહેશે.

અરજી (ટપાલ/રૂબરૂ) મોકલવાનું સરનામું:

કમિશનરશ્રી,

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી,

પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં, સેક્ટર ૧૮- 382007

ગાંધીનગર, ગુજરાત.

અરજી કવર ઉપર “Application for Legal Advisor ” સ્પષ્ટ રીતે દર્શાવવાનું રહેશે.

અથવા:

ઈ-મેલ cot-trans-rsa@gujarat.gov.in મારફતે મોકલી શકાશે.